# યોહાન બાપ્તિસ્માં કરનારને ઈસુએ બાપ્તિસ્મા આપ્યું

**પ્રાર્થના** વ્હાલા પ્રભુ તમે એક જ ઈશ્વર છો. સાથે સાથે તમે ત્રણ વ્યકિત છે જેને અનુયાયીઓ ત્રિએક ઈશ્વર કહે છે તેમ બાળકોને માનવામાં મદદ કરો.

બાળકોની ઉંમર અને જરૂરિયાત પ્રમાંણે શૈક્ષણિક પ્રવૃતિ પસંદ કરો

**માથ્થી ૩ઃ૧-૧૭** માંની ઈસુના બાપ્તિસ્માની વાર્તા મોટો બાળક અથવા તો શિક્ષક વાંચે અથવા મોઢે કહે સ્પષ્ટ કરો.

- ત્રિએકમાંની ત્રણ વ્યકિતઓ એક કાર્ય કરે છે તેવુ ઈસુના બાપ્તિસ્માએ બતાવ્યુ
- ત્રણ વ્યકિતઓ એક જ ઈશ્વર છે અને એકની જેમ કાર્ય કરે છે તેઓ ત્રણ ઈશ્વરો નથી.
- ત્રણ વ્યકિતઓ ઈશ્વરમાં એક છે તે કોયડો ફકત ઈશ્વરજ સમજી શકે.



આ **સવાલો** પૂછે *(જવાબો દરેક સવાલ પછી આપેલા છે)*

- યોહાન કોના માટે રસ્તો તૈયાર કરતો હતો ?(કલમ -૩ જુઓ)
- બાપ્તિષ્મા પછી લોકો શું કરતા હતા ?(તે ઓએ તેમના પાપો કબુલ કર્યા કલમ-૬).
- જેઓએ પોતાના પાપો કબુલ કયાં નથી ધાર્મિક લોકોને યોહાને કેવી ચેતવણી આપી (કલમ-૮)
- જેઓ પસ્તાવે કરે છે તેવા લોકોને ઈસુ શાના વડે બાપ્તિષ્માં આપશે (પવિત્ર આત્માંથી કલમ-૧૨)
- ઈસુ એ બાપ્તિસ્મા પામવા કેમ કહ્યું ? (સર્વ ન્યાયપણું એમ પુરૂં કરવું આપણને ઘટારત છે કલમ -૧૫)
- ત્રિએક ઈશ્વરમાંના પ્રત્યેક વ્યકિતઓ બાપ્તિસ્મા વખતે કેવી રીતે દેખાયા ?(પુત્ર બાપ્તિસ્મા પામ્યો આત્મા તેના ઉપર ઉતર્યો અને બાપની વાણી થઈ કલમ ૧૬-૧૭).

ત્રિએક ઈશ્વરે ઈસુના બાપ્તિસ્મા પ્રંસગે જે કાર્ય કર્યુ તે વિષે **નાટક તૈયાર કરો** (માત્થી ૩ :૧-૭)

- ભજનના આગેવાન સાથે નાટકની વ્યવસ્થા કરો.
- તમારો શૈક્ષણિક સમય બઆળકોને આપો.
- તમામ ભાગોનો ઉપયોગ કરવાની જરૂર નથી.
- નાટક તૈયાર કરવા મોટા બાળકો નાનાઓને મદદ કરે.
- યોહાન બાપ્તિષ્માં કરનાર ઈસુ અને કથાકારના પાત્રો મોટા બાળકો અથવા સભ્ય (પુખ્તો) ભજવે.
- નાના બાળકો દર્શકો ફરેશીઓ અને સાદૂકીઓ ના પાત્રો ભજવે

**કથાકાર** : માત્થી ૩ઃ ૧-૧૨ ની વાર્તાનો પહેલો ભાગ કહે પછી બોલે યોહાન બાપ્તિષ્માં કરનારને સાંભળો.

**યોહાન** : (પોકારે) પસ્તાવો કરો કેમકે આકાશનુ રાજય પાસે આવ્યુ છે.

**દર્શકો** : હું મારા પાપોનો પસ્તાવો કરૂં છું મહેરબાની કરી ને અને બાપ્તિષ્મા આપો.

**ફરોશી** : હું ખુબ ધાર્મિક ફરોશી છુ મારૂં જીવન બદલાવાની જરૂર નથી.

**સાદુકી** : હું કેવો સારો સાદુકી છું તે દર્શાવવા હું બાપ્તિસ્મા પામીશ મારે પસ્તાવાની જરૂર નથી.

**યોહાન** : (પોકારે) તમે ફરોશીઓ ધૂર્ત સાપ છો. તમારા હૃદય બદલો એક જણ આવે છે જે પવિત્ર આત્માથી તમારૂ બાપ્તિસ્મા કરશે ઈશ્વરની આજ્ઞા પાળો નહીં તો ન્યાયપણના અગ્નિનો સામનો કરો.

**કથાકાર** : માત્થી ૩ઃ ૧૩-૧૭ વાર્તા નો બીજો ભાગ કહે પછી બોલે ઈસુ યોહાન બાપ્તિષ્માં કરનારને કહે છે તે સાંભળો.

**ઈસુ** : યોહાન તારે મારૂં બાપ્તિસ્મા કરવુ જ પડે.

**યોહાન** : પણ પ્રભુ ઈસુ આ કરવા માટે હું લાયક નથી તમારે મારૂં બાપ્તિસ્મા કરવું જોઈએ

**ઈસુ** : એમ કરવુ ઘટારત છે. મારે પાપીઓ પર દાખલો બેસાડવા જોઈએ.

**યોહાન** : ઈસુ ને બાપ્તિસ્મા આપવાનો ડોળ કરે છે પછી આંગળી કરી કહે છે જુઓ કબુતરના રૂપે પવિત્ર આત્મા સ્વર્ગમાંથી ઈસુ પર ઊતરી આવે છે.

**દર્શકો** : (ઉપર બનાવતા પોકારે) સાંભળો, પછી બોલે સ્વર્ગીય વાણી.

**યોહાન** : ઈસુ વિષે ઈશ્વરે બાપે આકાશમાંથી શું કહ્યું તે સાભળ્યું તેણે કહ્યું આ મારો વહાલો દીકરો છે તેના પર હું પ્રસન્ન છું ઈશ્વરે આપણને કહ્યું છે.

**કથાકાર** : “નાટક ભજવવા જેઓએ મદદ કરી તે દરેકનો આભાર”

**સવાલો** : બાળકો નાટક ભજવે પછી ઉપર પ્રમાણેના સવાલો સભ્યોને પૂછે.

**પૂછો** : એક જ ઈશ્વર તરીકે તેના વિવિધ વ્યક્તિત્વના અન્ય કાર્યો ક્યાં છે ?

બાળકો જવાબો આપી શકે તો આપવા દો  આવા ઉદાહરણ ઉત્પતિ ઈસુનું પુનરૂત્થાન અને આપણું તારણ છે.

**લુક ૧ઃ ૩૫** મુખપાઠ કરો.  ત્યારે આકાશમાંથી એક વાણી એવું કહેતી સંભળાઈ, આ મારો વહાલો દીકરો છે મારો પસંદ કરેલો તેનું સાંભળો.



**કાવ્ય** : ચાર બાળકો દરેક યાદ કરી ગીતશાસ્ત્ર ૨ઃ ૭,૮,૧૦ અને ૧૧ બોલી જાય.

બાળકો નીચે ઉતરતા કબુતરનુ ચિત્ર **દોરે** અને ભજનસેવામાં સભાસદોને દેખાડો અને સ્પષ્ટ કરો કે જ્યારે આપણે ઈસુના નામમાં પ્રભુને પાપોની માફી આપવા કરીએ છીએ ત્યારે ઈસુ કેવી રીતે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા આપે છે.

મોટા બાળકો ત્રિએક ઈશ્વરમાંના વ્યકિતઓના ચિત્ર દોરવા દો મોટા બાળકો ને ઈસુના બાપ્તિષ્માં અથવા તો ત્રિએક ઈશ્વર વિષે કાવ્ય અથવા ગીત લખવા દો.




**પ્રાર્થના :** ‘‘પવિત્ર ઈશ્વર, તમે એક સાચા ઈશ્વર છો બાપ પુત્ર અને પવિત્ર આત્મામાં તમે ત્રણે એક છો. તેથી તમારી સ્તુતિ કરીએ છીએ અમે આ સમજી શકતા નથી પરંતુ અમે તમારામાં વિશ્વાસ કરીએ છીએ ઈસુના જીવનથી તમારા આત્માથી અમે તમારા બાળકોને તે માટે અમારૂ બાપ્તિસ્મા કરવા બદલ આભારી છીએ.’’

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.